

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

એક તરફ દેશ ના વડાપ્રધાન સ્વચ્છ ભારત બનવવા માટે લાખો કરોડો નો ધુમાડો કરી રહ્યાં છે તો બીજી તરફ બનાસકાંઠા ના ધાનેરા ની ભાજપ શાષિત નગર પાલિકા સ્વચ્છ ભારત અભિયાનના ધજીયા ઉડાવી રહી છે માટે લોકો પણ કહી રહ્યાં છે કે સ્વચ્છ ભારત ની મોટીમોટી વાત કરનાર જરા આ બાજુ પણ એક નજર કરો. ઉભરાયલી ગટરો ગંદકી ઠગલા અને ગંદકી થી ત્રાસી ગયેલા લોકો ના ટોળા આ દ્રશ્યો છે બનાસકાંઠા જીલ્લા માં આવેલા ધાનેરા ના કે જયાં ભાજપ શાષિત નગરપાલિકા સ્વચ્છ ભારત અભિયાનના કેવા ધજાગરા ઉડાવી રહી છે તે તો આ દર્શ્યોજ બતાવી રહ્યાં છે ધાનેરા માં જયાં જુઓ ત્યાં ગંદકી જ ગંદકી જોવા મળી રહી છે અને ધાનેરા ના કેટલાક ઈલાકામાં તો ક્યારે સફાઈ થતીજ નથી ધાનેરા માં બધીજ જગ્યાએ ગટરો ઉભરાયલી જોવા મળે છે અને આવા ગંદા પાણી માં કેટલાક નાના બાળકો પડી પણ જાય છે અને આવી ગંદકી ના કારણે જો ધાનેરા માં રોગચાળો ફાટી નીકળશે તો તેના માટે જવાબદાર કોણ ? તો બી જી તરફ ગંદકી થી કંટાળેલા લોકો પોતાના ખર્ચે માણશ બોલાવી પોતાના ઈલાકા ની સફાઈ કરાવે છે .

# સ્વચ્છ ભારત અભિયાનનો છેદ ઉડાડતી મોડાસા નગરપાલિકા

## ઠેર ઠેર ગંદકી ના ઢગ ખડકાયા : ગંદકી ના કારણે અસહય દુર્ગંધ ફેલાઈ રોગચાળો ફાટી નીકળવાની સંભાવના

મોડાસા, તા.૨૯

સમગ્ર ભારતભરમાં વડાપ્રધાન મોદી ધ્વારા ભારતને ગંદકી મુકત બનાવવા માટે સ્વરછ ભારત મિશન હાથ ધર્યુ હતુ અને આ મિશન અર્તગત સમગ્ર રાજયોમાં સફઈ ઝંબેશ અભીયાન ચાલુ કરવામાં આવ્યુ હતુ અને એક જ દીવસે એક સાથે તમામ દેશમાં નેતાઓથી લઈને ફીલ્મ સ્ટાર ધ્વારા સફાઈ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. જયારે ભાજપાના નેતાઓ ધ્વારા પણ તે સમયે થોડા થોડાક દિવસો અલગ અલગ વીસ્તારોમાં સફાઈ અભિયાન યોજી તે અંગેના અહેવાલ મીડીયામાં પ્રસીધ્ધ કરવામાં આવતા હતા કા તો તે ફોટા સોસીયલ મીડીયામાં પ્રસારીત કરવામાં આવતા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



પરંતુ મોડાસા શહેરમાં આ સફાઈ અભિયાન અંગે ઉલટી ગંગા ચાલે છે અહિયા માત્ર સફાઈ અભિયાન ઝુંબેશ માત્ર દેખાડા પુરતુ જ કરવામાં આવી રહયુ હોય તેવુ લાગી રહયુ છે. કેન્દ્ર સરકારનો સ્વરછ ભારત અભિયાનનુ જાણે મોડાસા નગરપાલિકા સુરસુરીયુ બોલાવતી હોય તેમ મોડાસા શહેરમાં ઠેક ઠેકાણે ગંદકીના ઢગ જોવા મળે છે. જયારે મોડાસા એસ.ટી. ડેપો વિસ્તારની બહાર નગરપાલિકા ધ્વારા કચરા પેટી તો મુકવામાં આવી છે પરંતુ આ કચરાપેટી શોભાના ગાંઠીયા સમાન મુકવામા આવી હોય તેમ આ કચરા પેટીના કારણે છેલ્લા કેટલાય દિવસોથી આ કચરાપેટી ભરાઈ ગઈ છે અને કચરો ભરાઈને પણ બહાર ફેલાયો છે અને આ કચરાને કારણે એટલી બધી ગંદકી ફેલાઈ છે કે જો તેટલા એરીયામાં ઉભા રહેવામાં આવે તો અસહય દુર્ગંધના કારણે વોમીટીંગ થઈ જાય તેવી પરીસ્થીતીનુ નિમાર્ણ થવા પામ્યુ છે. જયારે બીજી બાજુ રામપાર્ક સોસાયટીના નાકે મુકવામાં આવેલી કચરાપેટીનો પણ આ જ હાલ છે અને મોડાસા ડેપો સામે આવેલ લક્ષ્મી શોપીંગ સેન્ટરની બહાર પણ કચરાના ઢગ ખડાકાયેલા જોવા મળે છે. ત્યારે આ અંગે નગરપાલિકાના સત્તાધિશો ધ્વારા ફકત ફોટા પડાવા પુરતુ નગરમાં સફાઈ અભિયાન ચલાવાની જગ્યાએ કાયમી ધોરણે કચરાનો નીકાલ કરીને શહેરને સ્વચ્છ બનાવવામાં આવે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

### કચરાપેટીના કેટલાય કન્ટેનર નકામા ધુળ ખાય છે

સરકાર ધ્વારા સ્વરછ ભારત અભિયાન ઝુંબેશ અભિયાન હેઠઈ સમગ્ર ભારતભરને સ્વરછ ભારત બનાવાનુ અભિયાન હાથ ધર્યુ છે. ત્યારે મોડાસા નગરપાલિકા વિસ્તારમાં ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા છે. ત્યારે નગરપાલિકા ધ્વારા લાખો રૂપીયાના ખર્ચે ખરીદવામાં આવેલા કન્ટેનર મોડાસા રેલ્વેશ સ્ટેશનની બાજુ માં આવેલા મેદાનમાં ધુળ ખાય છે ત્યારે જો આ કન્ટેનરનો વ્યવસ્થીત જગ્યાએ જયા ગંદકી ફેલાતી હોય ત્યાં મુકી ઉપયોગ કરવામાં આવે તો મોડાસા શહેરમાં ખડકાતા ગંદકીના ઢગ દેખાશે નહી.

# ભિલોડાની ચંદ્રપુરી સોસાયટીનાં પાંચ બંધ મકાનમાં તસકરો ત્રાટક્યા

ભિલોડા, તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ ચંદ્રપુરી સોસાયટીમાં ૫ બંધ મકાનમાં શનીવારે મધ્યરાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા.ચંદ્રપુરી સોસાયટીમાં ૫ મકાનોને તસ્કરોએ નિશાન બનાવી અંદાજીત રૂા. ૫,૦૦,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ અને કોમર્શીયલ દુકાનોમાં દિન-પ્રતિ-દિન ચોરીઓનો ઉપદ્રવ વધતાં પ્રજાજનો, વેપારીઓમાં ભારે ફફળાટ ફેલાયો હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં વેઠ ઉતારતી હોવાનું લોકમુખે ચર્ચાય છે.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અત્રે ઉલ્લેખનીય છે કે શનીવારે મધ્યરાત્રે ચંદ્રપુરી સોસાયટી વિસ્તારમાં ૫ મકાનોને નિશાન બનાવી તસ્કરો પોલીસના ડર વગર અંદાજીત રૂા. ૫,૦૦,૦૦૦/-થી વધુની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ તો ગયા પરંતુ પોલીસ તંત્ર ચોરીની ફરીયાદ લેવામાં ગલ્લા-તલ્લા કરતી હોવાનું ચંદ્રપુરી સોસાયટી વિસ્તારના જાગૃત પ્રજાજનોએ મૌખિકમાં જણાવ્યું હતું.

ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ ચંદ્રપુરી સોસાયટીમાં મકાન ધરાવતા (૧) અરવિંદભાઈ સડાત, શિક્ષક નવદંપતીના ઘરે અજાણ્યા તસ્કરો શનીવારે મધ્યરાત્રે મકાનના મુખ્ય પ્રવેશ ધ્વારના આગરા, તાળા, સેન્ટ્રલ લોક તોડી નાખી મકાનમાં અજાણ્યા તસ્કરોએ બિન્દાસ્ત પ્રવેશ કર્યો હતો. કબાટ ખોલી સામાન વેરવિખેર કરી નાખી સોના-ચાંદીના દાગીના,રોકડા રૂા. ૭,૦૦૦/- (૨) રાજુભાઈ ગામેતીના મકામાં સોના-ચાંદીના દાગીના સહિત વિવિધ ચીજવસ્તુઓની ચોરી (૩) વિશ્રામભાઈ ગામેતીના મકાનમાં સોના-ચાંદીના દાગીના સહિત વિવિધ ચીજવસ્તુઓ (૪) ઈન્દુબેન કટારાના મકાનમાં સોના- ચાંદીના દાગીના, રોકડા રૂા. ૧૫,૦૦૦/- સહિત ૬ જોડી પેન્ટ-શર્ટ એક વર્ષ પહેલાં મારા છોકરાના લગ્ન પ્રસંગે પહેરવા માટે મોંઘા ભાવના કપડાં સીવડાવેલ હતા. કપડા પણ તસ્કરો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. (૫) દિપકભાઈ ડાભીના મકાનમાં સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂા. ૧૫,૦૦૦/- સહિત વિવિધ ચીજવસ્તુઓ અને માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા ચંદ્રપુરી સોસાયટીમાં પાંચ બંધ મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના ઘરેણા,રોકડા રૂપિયા, મોંઘા ભાવના કપડાં સહિત વિવિધ ચીજ-વસ્તુઓના કુલ મુદ્દામાલની અંદાજીત કિંમત રૂા. ૫,૦૦,૦૦૦/-થી વધુ હોવાનું મકાન માલીકો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા પોલીસ સ્ટેશનમાં ચંદ્રપુરી સોસાયટી વિસ્તારના મકાન માલીકોએ ચોરીના બનાવ સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.ભિલોડા પી.એસ.આઈ. એચ.પી.ઝાલા ચોરીના બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

# અરવલ્લી જિલ્લામાં અદ્યતન ડીજીપીએસ મશીન દ્વારા જમીન માપણી કરાશે

## અરવલ્લી જિલ્લામાં જમીનોની રી-સર્વે કામગીરીને લઈ ખેડૂતો રોષે ભરાયા છે

મોડાસા, તા. ૨૯

જમીન રી સર્વે ની કામગીરી માં વ્યાપક ભૂલો બહાર આવી હતી જેથી ખેડૂતો રોષે ભરાયા હતા અને આ અંગે આડેધડ સર્વેને લઈ જમીનોમાં મોટા ફેરફારો થઈ જતાં ખેડૂતોએ વાવેતરનું કામ પડતું મુકી કચેરીઓના ધક્કા ખાવાનું શરૂ કરી દીધું છે. અત્યાર સુધી મોડાસા સ્થિત જિલ્લાની ડીએલઆર કચેરીમાં જમીનમાં થયેલી વધઘટ અંગે ૨૮૪૭ અરજીઓનો ખડકલો થયો છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ખેડૂત અગ્રણી મુકુંદભાઈ પટેલ, વાડીભાઈ પટેલ, ચંદુભાઈ પટેલે આક્રોશ ઠાલવતાં જણાવ્યું કે, રાજય સરકાર દ્વારા તાજેતરમાં જિલ્લામાં જમીનોની પુનઃ મોજણી કરાઈ હતી. રાજય બહારની એજન્સી દ્વારા કરાયેલી કામગીરીમાં એન એલ આર એમ એના નિયમોને નેવે મૂકી આડેધડ સર્વે કરાયો હતો. જેના કારણ બાયડ,ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા તાલુકામાં સંખ્યાબંધ ખેડૂતોની જમીનોના માપમાં વધઘટ થઈ જતાં ખેડૂતોમાં દોડધામ મચી છે. હાલમાં મામલતદાર કચેરીમાં જમીનોના ૭/૧૨ તથા ૮અના નવા ઉતારા આવી ગયા છે. જૂના ઉતારા તથા નવા ઉતારામાં જોવા મળેલા મોટા ફેરફારોથી ખેડૂતો ભડક્યા છે અને ડીએલઆર કચેરીમાં અરજીઓના ઢગલો ખડકાવા માંડ્યો છે. જમીનોની રીસર્વે કામગીરીમાં વર્ષો જૂના અંગ્રેજો વખતના રેકર્ડ બદલાઈ જતાં જમીનોમાં મોટા ફેરફારો થઈ ગયા છે.

સમગ્ર જીલ્લા માંથી અરજીઓ મોડાસા ૯૮૦ બાયડ ૪૦૭ ધનસુરા ૯૫૪ માલપુર ૧૯૮ ભિલોડા૧૯૯ મેઘરજ ૧૦૯ આમ દરેક તાલુકા માંથી અલગ અલગ અલગ અરજીઓ આવી હતી અને આ કચેરી માં ૯ કર્મચારીઓ નો સ્તાફફ હોવાના કારણે ભારે મુશ્કેલીઓ પડતી હતી જેને લઇ ને આ કચેરી ના અધિકારી આર એન પંડોર ધ્વારા ઉચ્ચ કક્ષાએ ર્હાજુઆત કરવામાં આવી હતી ત્યારે આ બાબતે સરકાર ધવારા ખેડૂતો ના હિત માં નિર્ણય લઈને ફરીથી લાખો હેક્ટર જમીન ની માપની થાય તે માટે અરવલ્લી જીલ્લા ડીઈએલઆર કચેરી ખાતે બે અધ્યતન ડીજીપીએસ મશીન ની માંગણી સ્વીકારી અદ્યતન મશીન આપવામાં આવ્યા હતા જેને લઈને હવે જમીન માપની ની કામગીરી સરળ બનશે આ આધુનીક મશીન ની મદદ થી એક જ જગયા પર ઉભા રહી ૨૧ કિલોમીટર વિસ્તાર માં જમીન ની સચોટ માપની કરીસકાય છે.

# રતનપુર ચેકપોસ્ટ પાસેથી કતલખાને લઈ જવાતા ઢોરો બચાવાયા : એકની ધરપકડ

અરવલ્લી નજીક ભિલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ આંતરરાજય સરહદ અસામાજીક તત્વોમાં ગેરકાયદેસર ચીજવસ્તુઓ ઘુસાડવા માટે ખુબજ જાણીતી છે. સોમવારે બપોરે ૨ વાગ્યાની આસપાસ રતનપુર ચેકપોસ્ટ નજીકથી ટેમ્પોમાંથી ગેરકાયદેસર ગાય-વાંછરડાને લઈ જતા એક આરોપીને ઝડપી પાડી ઝડપાયેલા ૯ ગાય વાછરડાને બચાવી લઈ શામળાજી પોલીસે કસાઈને જેલના હવાલે ધકેલી દીધો હતો.

ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ તરીકે જાણીતા શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.ટી. ઉદાવત અને તેમના સ્ટાફ દ્વારા રાજસ્થાન તરફથી આવી રહેલા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યુ હતુ. ત્યારે રાજસ્થાન તરફથી ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા ૯ ગાય-વાંછરડાને ટેમ્પો ટ્રક (ગાડી નં. એમપી૧૪-જીસી૦૧૮૮)માંથી ક્રૂરતાપૂર્વક ઘાસચારો કે પાણીની વ્યવસ્થા કર્યા વગર પશુઓને અત્યંત દયનીય રીતે ટુંકા દોરડાઓથી બાંધી તેમજ હલન ચલન ન કરી શકે તેવી રીતે પશુઓના પગ બાંધી ખીચોખીચ મરણતોલ હાલતમાં બાંધી ગેરકાયદેસર કતલખાને લઈ જતા સલીમ મુન્ના ન્યારગા (રહે. મુલ્તાનપુરા,તા. જી. મન્સોર, મધ્યપ્રદેશ)ને ઝડપી પાડ્યો હતો.



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# ડીસામાં શિક્ષણનું ખાનગીકરણ મુદ્દે કોંગ્રેસ કાર્યકરો દ્વારા મુખ્યમંત્રીના પૂતળાનું દહન

ડીસા, તા. ૨૯

ડીસામાં આજે સવારે શહેર કોંગ્રેસ અને યુથ કોંગ્રેસના કાર્યકરોએ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની શિક્ષણ વિશેની નીતિઓ સામે રોષ વ્યક્ત કરી સરદાર બાગ નજીક તેમનું પુતળું નજીક પુતળુ ફૂંકી મારતા તેના પડઘા પ્રદેશ ભાજપ તેમજ સરકાર સુધી પડ્યા છે અને કોંગ્રેસી કાર્યકરોનું આ દુસાહસ લોકોમાં અચરજ ફેલાવનાર બન્યું હતુ. વહેલી સવારે સવા દશ વાગે મુખ્ય જાહેર માર્ગ એવા સાઈબાબા મંદિર નજીક કે કોંગ્રેસના સંજયભાઈ ગોવાભાઈ દેસાઈ તેમજ ૩૦થી વધુ કાર્યકરો મુખ્યમંત્રીના પુતળાને આગ ચાંપી, વિરોધ દર્શાવી, સુત્રોચાર કરી રવાના થઈ ગયા હતા, જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દીપકભાઈ પટેલે જણાવેલ કે 'શિક્ષણનું ખાનગીકરણ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સળગાવતા ભારે અફરાતફરી મચી છે અને પોલીસ આ ગુનો આચરી રફુચક્કર થયેલ કાર્યકરોની શોધખોળમાં લાગી છે.

રાજ્યના શિક્ષણ સાથે સંકળાયેલા અને 'દીકરી ભણાવો-દીકરી વધાવો' સુત્રને તેમના દરેક ઉદ્બોધનમાં વહેતું કરતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલનાં વિરૂદ્ધમાં ડીસામાં આજે શહેર કોંગ્રેસ અને યુથ કોંગ્રેસ કાર્યકરો આક્રમક મુડમાં દેખાયા હતા. જેમને મુખ્યમંત્રી વિરૂદ્ધમાં સુત્રોચ્ચાર કરી તેમનું સાઈબાબા મંદિર જ્યાં ટ્રાફિક પોઈન્ટ પણ આવેલો છે. તેવા જાહેર સ્થળે કોંગ્રેસ શહેર અને યુથ કોંગ્રેસે ઉગ્ર દેખાવો અને સુત્રોચાર કરી શિક્ષણનું ખાનગીકરણ અને શિક્ષણમાં ચાલતા કથિત ભ્રષ્ટાચાર માટે સરકારની નિષ્ક્રિયતા સામે રોષ વ્યક્ત કરી મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું પુતળું બાળતાં આ જલદ કાર્યક્રમના ભારે પડઘા પડ્યા છે, જો કે પોતાના જલદ કાર્યક્રમને આખરી ઓપ આપી શહેર કોંગ્રેસ પ્રમુખ દીપક પટેલ અને યુથ થઈ ગયુ છે, સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને સ્કૂલોમાં સંચાલકો મન માંગી ફી વસુલે છે. પેપર ફૂટવાના બનતા કેશોમાં ભાજપના હોદ્દેદારોના નામો બહાર આવે છે. ડોનેશન શિષ્ટાચાર બન્યું છે, સ્કૂલો છે ત્યાં શિક્ષકોની ભરતી થતી નથી, જેનાથી છેલ્લા ૧૦ વર્ષમાં નથી આવ્યું તેટલું ખરાબ પરિણામ તાજેતરની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામો આવેલ છે જેના વિરોધમાં અમોએ મુખ્યમંત્રીનું પુતળુ બાળ્યું છે.

# ભિલોડામાં બે બાઈક અથડાતા બે ના મોત

ભિલોડા, તા. ૨૯

ભિલોડાના ચોરીમાલા ગામે આજે સમી સાંજે બે બાઈક સામ-સામે અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં બે બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતુ. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભિલોડા તાલુકાના ચોરીમાલા ગામે પ્રાથમિક આરોગ્ય સેન્ટર સામે સમી સાંજે માર્ગ પર પસાર થતા બે બાઈકો સામ-સામે અથડાયા હતા. જેમાં ચિઠોડાના ૪૫ વર્ષીય રમેશભાઈ કાનાભાઈ રેવડ અને ધનાસણના ૪૦ વર્ષીય મગનલાલ રૂપાજી અસોડાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ અકસ્માતે મોતની ઘટના સંદર્ભે મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી હતી. પોલીસે આ સંદર્ભે અકસ્માતે મોતની ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વૉલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વૉલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦